# ચોરીની દવા

કાઠિયાવાડના એક મોટા શહેરમા ભટ્ટજી રહે. ભટ્ટજી નાનપણમા તો બહુ ગરીબ, પણ મોટા થયા ત્યારે રાજ્યમા રાજવૈદ થયા અને પૈસેટકે સારી રીતે સુખી થયા.

ભટ્ટજી એક વાર રાજદરબારમાથી ઘેર આવ્યા . ડેલીએ આવીને બારણુ ઉઘાડે છે ત્યા એક આદમી ફળીયામા તડકે મૂકેલા ઘઉને પોતાની કોથળીમા ભરતો જાય અને વચ્ચે વચ્ચે ચારે બાજુ નજર નાખતો જાય. ભટ્ટજી આ જોઈને છાનામાના ડેલીમા લપાઈ ગયા અને પેલો આદમી કોથળીમા ઘઉ ભરીને ડેલી બહાર નીકળ્યો.



આદમી બહાર નીકળ્યો ત્યાર પછી તરત જ ભટ્ટજી તડકે મૂકેલા ઘઉ પાસે ગયા અને ત્યા ઘઉનો કોથળો તથા મોટી થાળી પડી હતી તે હાથમા લીધા, ઘરમાથી છાલિયુ પણ લીધુ અને ડેલી બહાર નીકળ્યા.

પેલો આદમી શહેરના રસ્તા પર નિરાતે ચાલ્યો જતો હતો. ભટ્ટજી તેની આગળ થઈ ગયા અને સામે આવીને બોલ્યા : ‘ભલા માણસ, એકલા ઘઉ લઈને શુ નીકળ્યો ? લે આ વધારાના ઘણુ તથા જમવા માટે આ થાળી અને વાટકો.’

ભટ્ટજીના આવા વચનો સાભળીને પેલો આદમી ભોઠો પડી ગયો અને હવે મારુ શુ થશે તેની ચિતામા પડયો. પણ ભટ્ટજી તો થાળી, વાટકો તથા ઘઉ તેની પાસે મૂકીને રસ્તે પડી ગયા.

પાછળથી થોડી વારે પેલો આદમી ભટ્ટજીને ઘરે આવ્યો, તેમના દવાખાનામા નોકર રહ્યો અને જિદગીભર એક પ્રમાણિક સેવક તરીકે ભટ્ટજીના કુટબમા રહ્યો.

ચરક–સુશ્રુતની પોથીઓ ઉથલાવનારા અને દેશી દવાના પડીકા વાળનારા ભટ્ટજીએ ચોરીની દવા કરી અને દરદી સાજો થયો.

**– 'દૃષ્ટાત કથાઓ'માથી સાભાર**

■